

અહુરા

# શ્રીજી ઈરાનશાહનો ગરબો

અરદેશર ફ. ખબરદાર



ચાર આના

જુગજુગમાં તપો રે ઈરાનશાહ !
જુગજુગમાં તમારું જ તેજ, ઝળો સદા એ જ !
તપો રે ઈરાનશાહ !

: પ્રકાશક :
અરદેશર ફરામજી ખબરદાર
૭૮૮, પારસી કોલોની,
દાદર, મુંબઈ

ઈ. સ. ૧૯૪૨
યઝદ. ૧૩૧૨
વિ. સં. ૧૯૯૯

બીજી આવૃત્તિ

સર્વ હક્ક સ્વાધીન
(કર્તાની રજા વગર કોઈએ ફરીથી છાપવું નહીં, કે
ગ્રામોફોન રેકર્ડમાં કે રેડિયોમાં ઉતારવું નહીં)

પહેલી આવૃત્તિ
૧૦૦૦ ......તા. ૪-૧૧-૧૯૪૨
બીજી આવૃત્તિ
૧૦૦૦ ......તા. ૧૯-૧૧-૧૯૪૨

: મુદ્રક :
અમૃતલાલ પ્ર. સાતા
સ્ટેન્ડર્ડ પીપલ પ્રેસ,
૧૩૮, મેડોઝ સ્ટ્રીટ,
કોટ, મુંબઇ

# બે બોલ

## ( પહેલી આવૃત્તિના )

મારા પારસી બંધુઓના હાથમાં આ "શ્રીજી ઇરાનશાહનો ગરબો" મૂકતાં મને આનંદ થાય છે. શ્રી ઇરાનશાહનો પવિત્ર કેબલો શ્રી ઉદવાડામાં લાવીને પરઠાવ્યાને બસેં વર્ષ થયાં છે, તેનો ઉત્સવ આવતી તા૦ ૮-૯મી નવેમ્બર ૧૯૪૨ના દિનોએ શ્રી ઉદવાડામાં ઊજવાશે, અને તે માટે ત્યાં નિમાયેલી સમિતિએ મને પ્રસંગને અનુસરીને કંઇક લખી મોકલવા આમંત્રણ કીધું, તેમજ જામનગર-વાળા ભાઇશ્રી ફરામરોજ ફિરોઝ મીરઝાંએ મને આગ્રહથી એક લાંબો ઐતિહાસિક ગરબો લખવાની સૂચના કીધી, અને તે માટેની સામગ્રી પણ મને પૂરી પાડી. બધું હોય પણ પ્રેરણા નહીં થાય તો હું કદી કલમ પકડતો નથી. આખરે ગઇ તા૦ ૨૬ મીએ બપોર પછી એવી પ્રેરણા મને થઇ અને એ ગરબાનો રાહ પણ સૂઝી આવ્યો, તેમજ પહેલી કડી તુરત આવી ગઇ, એટલે મેં થોડા કલાકમાં આ લાંબો ઐતિહાસિક ગરબો લખી નાખ્યો. પારસીઓ ઇરાનથી નીકળ્યા ત્યારથી બનેલા બધા મુખ્ય બનાવોની નોંધ આ ગરબામાં છે.

આવા ઐતિહાસિક બનાવોનું વર્ણન કરતી કવિતાને "પવાડો" પણ કહેવાય છે. ગુજરાતીમાં તેમજ મરાઠીમાં પણ આવા ઘણા પવાડા લખાયેલા છે.

મારા પારસી ભાઇઓની સેવામાં હું આટલું પણ કરી શક્યો છું તેથી ખુદાના શુકર કરું છું. આશા છે કે આ ગરબો તેમને સંતોષ આપશે અને તે ઘેરઘેર ગવાતો રહેશે.

૭૮૮, પારસી કોલોની,
દાદર, મુંબઇ
તા. ૩૦ મી ઑક્ટોબર ૧૯૪૨

અરદેશર ફરામજી ખબરદાર

## કર્તાનાં પ્રગટ અને અપ્રગટ પુસ્તકો

**ગુજરાતીમાં**

| | | | |
|---|---|---|---|
| ૧ કાવ્યરસિકા ... ... | કિંમત રૂા. | ૧– ૮–૦ | (પૃ. ૧૮૮) |
| ૨ વિલાસિકા ... ... | ,, | ૧– ૮–૦ | ( ,, ૨૦૦) |
| ૩ પ્રકાશિકા ... ... | ,, | ૧– ૪–૦ | ( ,, ૧૮૨) |
| ૪ મલબારીનાં કાવ્યરત્નો ... | ,, | ૩– ૦–૦ | ( ,, ૪૫૦) |
| ૫ ભારતનો ટંકાર (ત્રીજી આવૃત્તિ) | ,, | ૧– ૦–૦ | ( , ૯૦) |
| ૬ સંદેશિકા ... ... | ,, | ૧– ૦–૦ | ( ,, ૧૮૮) |
| ૭ કલિકા ... ... ... | ,, | ૨– ૦–૦ | ( ,, ૨૬૦) |
| ૮ ભજનિકા (બીજી આવૃત્તિ) પાકું પૂઠું | ,, | ૨– ૦–૦ | ( ,, ૧૬૪) |
| ૯ રાસચંદ્રિકા, ભાગ ૧ લો, (ઊંચા કાગળ) | ,, | ૦–૧૪–૦ | ( ,, ૧૨૦) |
| ,, ,, ગીલ્ટ પૂઠું | ,, | ૧– ૪–૦ | ( ,, ,, ) |
| ૧૦ દર્શનિકા (બીજી આવૃત્તિ) ,, | ,, | ૩– ૦–૦ | ( ,, ૪૪૦) |
| ૧૧ પ્રભાતનો તપસ્વી અને કુક્કુટદીક્ષા (બીજી આવૃત્તિ) | ,, | ૦– ૮–૦ | ( ,, ૭૦) |
| ૧૨ કલ્યાણિકા ... ... | ,, | ૨– ૦–૦ | ( ,, ૧૭૬) |
| ૧૩ રાષ્ટ્રિકા ... ... | ,, | ૨– ૮–૦ | ( ,, ૨૪૮) |
| ૧૪ રાસચંદ્રિકા, ભાગ ૧–૨ સાથે | ,, | ૩– ૦–૦ | ( ,, ૩૦૪) |
| ૧૫ ગુજરાતી કવિતાની રચનાકળા (મુંબઇ યુનિવર્સિટી તરફથી) | ,, | ૧– ૦–૦ | ( ,, ૨૫૦) |
| ૧૬ શ્રી ઇરાનશાહનો ગરબો ... | ,, | ૦– ૪–૦ | ( ,, ૧૬) |

**અંગ્રેજીમાં**

| | | | |
|---|---|---|---|
| ૧૭ The Silken Tassel... | ,, | ૨– ૮–૦ | ( ,, ૧૩૬) |

**હવે પછી છપાશે**

૧૮ નંદનિકા (બસેં સોનેટ)
૧૯ કેટલાંક પ્રતિકાવ્યો
૨૦ પ્રભાતગમન (વર્ણનકાવ્ય)
૨૧ લગ્નગીતા
૨૨ ગુજરાતી કવિતા અને અપદ્યાગદ્ય
૨૩ મનુરાજ નાટક (અખંડ પદ્યમાં)
૨૪ અમરદેવી નાટક
૨૫ યુગરાજ મહાકાવ્ય
૨૬ ગદ્યસંગ્રહ, ભાગ ૧ લો
૨૭ ગદ્યસંગ્રહ, ભાગ ૨ જો
૨૮ Leaf and Flower
૨૯ The Rest–House of the Spirit

અહુરા

# શ્રીજી ઇરાનશાહનો ગરબો

(ઢાળ—'રામ લક્ષ્મણ વનમાં સિધાવતાં"—એ રાહ)

જુગજુગમાં તપો રે ઇરાનશાહ!
જુગજુગમાં તમારું જ તેજ, ઝળો સદા એજ!
તપો રે ઇરાનશાહ! ૧

અમે જીવિયે તમારી જ છાંયમાં,
અમે ઝીલિયે તમારો પ્રકાશ, તમે પૂરો આશ:
તપો રે ઇરાનશાહ! ૨

અમે ગુણ સૌ તમારા શું ગાઇયે,
લાખો જીભ મુખે ખૂટી જાય, ન તોય ગવાય:
તપો રે ઇરાનશાહ! ૩

તમે અહુરામઝદાતણું નૂર છો,
તમે આપતા તેનું નિશાન, જગાડો ઇમાન:
તપો રે ઇરાનશાહ! ૪

તમે અહુરામઝદાતણા પુત્ર છો,
અમે ગાઇયે તમારો પ્રતાપ, મહાન અમાપ:
તપો રે ઇરાનશાહ! ૫

અમે ડુંગર જેવાં દુઃખો સહ્યાં,
અમે જાળવ્યો ધર્મ સદાય, ભલે પ્રાણ જાય:
તપો રે ઇરાનશાહ! ૬

છોડ્યું વહાલામાં વહાલું વતન અમે,
છોડ્યું બહેસ્ત સમું તે ઇરાન, તજ્યાં ખાનપાન :
ઇચ્છા હો દાદારની ! ૭

એક અહુરામઝદાની સગાઇ જે,
કેમ છોડિયે તે છોડી ધર્મ, ડૂબે સહુ મર્મ :
ઇચ્છા હો દાદારની ! ૮

પ્રાણથી પણ પ્યારો છે ધર્મ એ,
એને માટે તો આપિયે પ્રાણ, બીજું શું પ્રમાણ :
ઇચ્છા હો દાદારની ! ૯

છોડી વતન વસ્યાં કોહિસ્તાનમાં,
પણ ત્યાં યે થયો નહીં ઠાર, પડયાં દુઃખ અપાર :
ઇચ્છા હો દાદારની ! ૧૦

ત્યાંથી જઇને વસ્યાં હોરમઝદમાં,
થોડાં વર્ષમાં ત્યાં થયો કહેર, તજ્યું એ યે શહેર :
ઇચ્છા હો દાદારની ! ૧૧

અમે યાદ કીધી હિંદ ભૂમિને,
અમ ઇરાનની વહાલી બહેન, ત્યાં ફેરવ્યાં નેન :
ઇચ્છા હો દાદારની ! ૧૨

ચઢયા કિશ્તીઓમાં અમે બદરે,
કીધી વતનને છેલ્લી સલામ, ખુદાનું લઇ નામ !
ઇચ્છા હો દાદારની ! ૧૩

અમ વહાલાં વતન હે ઇરાન તું,
અમ બાપદાદાનું તું ધામ, અમારો આરામ :
ઇચ્છા હો દાદારની ! ૧૪



તારી ભૂમિ અમે આજે છોડિયે,
અમે જીવશું તો જીવશે ઇરાન, પુરાણું એ સ્થાન :
ઇચ્છા હો દાદારની ! ૧૫

અમે રહિયે સદા જરથોસ્તીઓ,
હવે ઇરાન કે હિંદુસ્તાન, બધું છે સમાન :
ઇચ્છા હો દાદારની ! ૧૬

ચાલી આંખે ઝડી ત્યાં અખાડની,
થયાં ચાક ગમે અમ ઉર,[1] જતી કિશ્તી દૂર :
ઇચ્છા હો દાદારની ! ૧૭

ભરદરિયે પડી અમ કિશ્તીઓ,
મુખે અહુનવર પાક કલામ, અહુરામઝદા નામ;
ઇચ્છા હો દાદારની ! ૧૮

સફર હિજરતીઓની પૂરી થઇ,
દીઠી હિંદની ત્યાં સરજમીન, ફળ્યું અમ યકીન :
ઇચ્છા હો દાદારની ! ૧૯

અમે ઊતર્યાં ત્યાં દીવબંદરે,
હવે એ જ અમારી હો ભોમ, જીવન, જપ, જોમ :
ઇચ્છા હો દાદારની ! ૨૦

રહ્યાં વર્ષ અમે ઓગણીસ ત્યાં,
રહેવું ત્યાં યે બન્યું મુશ્કેલ, નસીબના ખેલ :
ઇચ્છા હો દાદારની ! ૨૧

ત્યાંથી પાછાં ચઢયાં અમે કિશ્તીએ,
જવા બીજે કો લાયક સ્થાન, રહે જ્યાં ઇમાન ;
ઇચ્છા હો દાદારની ! ૨૨

---

1 હૈયું.

ભરદરિયે તોફાન આવ્યું ચઢી,
રહી કિશ્તીઓ ત્યાં સૌ ઝિકાઇ, ગયા શઢ પીંખાઈ:
ઇચ્છા હો દાદારની! ૨૩

હતા કિશ્તીમાં પ્રાણ અમોલ કૈં,
નેરિયોસંગ ધવલશા[૧] દસ્તૂર, હતા પાક પૂર:
ઇચ્છા હો દાદારની! ૨૪

કેમ જાય આ સંઘ સાગર તળે,
કેમ થાય આ ધર્મનો લોપ,[૨] અમર છે એ રોપ:
ઇચ્છા હો દાદારની! ૨૫

રાખ્યા અહુરાના સંદેશા સાચવી,
જીવ્યો વર્ષ હજારો હજાર, ઓ અવતાર:
ઇચ્છા હો દાદારની! ૨૬

ધન દોલત વતન વહાલાં તજ્યાં,
જેને માટે તજ્યાં ઘરબાર, ડૂબે શું આ વાર?
ઇચ્છા હો દાદારની! ૨૭

પછી તનમન પાક સૌએ કીધાં,
કીધી બંદગી કુસ્તીની સાથ: દયાળુ હો નાથ!
અહો બેલી દુઃખીના! ૨૮

અમે તારું જ રક્ષણ માગિયે,
અમોને આ આફતથી ઉગાર, નોધારાં[૩] આધાર!
અહો બેલી દુઃખીના! ૨૯

ભરી દુનિયામાં કોણ અમારું છે?
એક પાક પેગંબર ને તું જ, અમારી છે કુંજ[૪]!
અહો બેલી દુઃખીના! ૩૦

૧. ધવલ જેવા, ૨. નાશ. ૩. આધાર વગરના. ૪. ઝાડોની ઘટા-છાયા-Bower.



અમે કાંઠે સલામત પહોંચિયે,
તો ત્યાં સ્થાપશું આતશબહેરામ, નૂરી તારું ધામ:
અહો બેલી દુઃખીના! ૩૧

દાદારે સુણી અરજી સ્વીકારી એ,
એની મહેરે દીધું જીવતદાન, શમ્યું તે તોફાન:
એ મહેર દાદારની! ૩૨

આવી કિશ્તીઓ સંજાણ બંદરે,
રોજ બહમન, માહ તીર વાંચ, એંસી પર પાંચ:
એ મહેર દાદારની! ૩૩

હતું રાજ્ય ત્યાં જાદીરાણાતણું,
હતો ધર્મી સકર્મી એ ભૂપ, ઉદાર સ્વરૂપ;
એ મહેર દાદારની! ૩૪

ગયા દસ્તૂર નેરિયોસંગ ત્યાં,
પહોંચ્યા રાણાતણે દરબાર, મદદ માગી સાર;
હો જયજય રાણાતણી! ૩૫

અમે ધીરા વીરા સૌ ઈરાનના,
અમે ધર્મથકી છોડયો દેશ, ખમ્યા બહુ કલેશ:
હો જયજય રાણાતણી! ૩૬

અમે માનિયે એક દાદારને,
અમે આર્યોના વંશજ શુદ્ધ, છે જીવન વિશુદ્ધ:
હો જયજય રાણાતણી! ૩૭

અમે સૂર્ય ને અગ્નિને પ્રાર્થિયે,
પરમાત્માતણું જાણી નૂર, ભજિયે એ હજૂર:
હો જયજય રાણાતણી! ૩૮

અમને આપો જગ્યા અને આસરો,
અમે રહીશું સદા હિંદમિત્ર, છે કોલ પવિત્ર :
હો જયજય રાણાતણી ! ૩૯

અમે ભળશું સાકર જેવા દૂધમાં,
કરશું દેશની સેવા અખંડ, ભલે પડે પંડ :
હો જયજય રાણાતણી ! ૪૦

બધું સુણીને પ્રસન્ન રાણા થયા,
આપ્યું અમને પછી અભયદાન, ત્યાં રહેવાનું સ્થાન :
હો જયજય રાણાતણી ! ૪૧

ફરીઠામ થયાં થોડાં વર્ષમાં,
કીધી ખેતી ને બંદગી રોજ, વધ્યો ભવબોજ :
એ મહેર દાદારની ! ૪૨

અમે આપ્યો જે કોલ દાદારને,
નૂરી કેબલો સ્થાપવા કાજ, ન ભૂલિયે તે આજ :
એ મહેર દાદારની ! ૪૩

આપી રાણાજીએ ભૂમિ ને રજા,
પછી સ્થાપવા આતશબહેરામ, દાદારનું ધામ :
એ મહેર દાદારની ! ૪૪

દસ્તૂર નેરિયોસંગ જ્ઞાની મહા,
જાણે આતસ ને માંથ્રના ભેદ, એ મોટા આબેદ :
એ મહેર દાદારની ! ૪૫

બીજા દસ્તૂરો મોબેદો સાથ ત્યાં,
કીધી પાક ક્રિયા કૈં અનેક, ધરી આત્મટેક :
એ મહેર દાદારની ! ૪૬



પાળ્યાં ધર્મનાં સર્વ ફરમાનને,
કીધા આતસ એકઠા સર્વ, ઉજી રાખ્યું પર્વ :
એ મહેર દાદારની ! ૪૭

માહ આદર ને રોજ આદરે,
યજદઝર્દી નેવુંતણું સાલ, મુબારક ફાલ :
પરઠયા શ્રી ઇરાનશાહ ! ૪૮

દીની શહેનશાહ અમારા તમે થયા,
કીધા તમને ત્યાં તખ્તનશીન, થયા તમ આધીન :
તપો રે ઇરાનશાહ ! ૪૯

શ્રીજી ઇરાનશાહ થયા હિંદમાં,
અમે સ્મરિયે એ વહાલેરું નામ, જરથોસ્તી તમામ :
તપો રે ઇરાનશાહ ! ૫૦

વસ્યું નૂર તમોમાં દાદારનું,
નમિયે નિત્યનવીન એ નૂર, ઝળો સદા પૂર !
તપો રે ઇરાનશાહ ! ૫૧

પછી સુખમાં વસ્યા અમે ને વધ્યા,
ધીમે ધીમે વસ્યા ગામેગામ, થયા ઠરીઠામ :
તપો રે ઇરાનશાહ ! ૫૨

કીધું બીજું ઇરાન ગુજરાતને,
ગુજરાત બની અમ માત, થયા રળિયાત[૧] :
તપો રે ઇરાનશાહ ! ૫૩

કીધી ખેતી ને ખેડયા વેપારને,
રાખ્યો સાચવી ધર્મ સદાય, દાદારની સહાય :
તપો રે ઇરાનશાહ ! ૫૪

---

૧. ખુશ; પ્રસન્ન.

એમ વરસ વીત્યાં બીજાં સાતસેં,
રાખ્યો હિંદુભાઈઓ સાથે સંપ, પામ્યા સુખ જંપ :
તપો રે ઈરાનશાહ ! ૫૫

પાછાં આફતનાં ચઢયાં વાદળાં,
તેમાં ગયું સપડાઈ સંજાણ, નગર અમ પુરાણ :
ઈચ્છા એ દાદારની ! ૫૬

આવ્યું કટક મહમદ બાદશાહનું,
તેણે કીધી સંજાણ પર ચઢાઈ, ગયા સૌ મુંઝાઈ :
ઈચ્છા એ દાદારની ! ૫૭

માગી રાજાએ મદદ અમારી ત્યાં,
થયા ચૌદસેં જરથોશ્તી તૈયાર, અર્દેશર સરદાર :
જય જય હો ઈરાનશાહ ! ૫૮

લડયા ખૂબ શૂરાતનથી બધા,
અંતે દુશ્મનનો કાઢયો ઘાણ, પડ્યું ત્યાં ભંગાણ :
જય જય હો ઈરાનશાહ ! ૫૯

આવ્યા તે ફરી સૈન્ય મોટું લઈ,
થઈ અમ નાની ફોજની હાર, બન્યા સૌ લાચાર !
ઈચ્છા હો દાદારની ! ૬૦

અમને પ્રાણથી પ્યારા ઈરાનશાહ,
તમને જાળવવા નિરધાર, લઈ ગયા બહાર :
તપો રે ઈરાનશાહ ! ૬૧

અમે તમને લઈ ત્યાંથી નીકળ્યા,
તમને સાચવતા જીવ પેઠ, બાંધી અમ બેઠ[1] :
તપો રે ઈરાનશાહ ! ૬૨

૧. કંમરે તાણી બાંધેલું કપડું.



તમને લાવ્યા બહારવટ પહાડ પે,
રાખ્યા ગુફામાં ત્યાં વર્ષ બાર, સહ્યાં દુઃખ અપારઃ
તપો રે ઈરાનશાહ ! ૬૩

પછી તમને લઈ ગયા વાંસદા,
હતો જરથોશ્તીઓનો ત્યાં વાસ, બધાં તમ દાસઃ
તપો રે ઈરાનશાહ ! ૬૪

ચૌદ વર્ષ તમે ત્યાં તેજે તપ્યા,
પછી આવ્યા ચાંગા આશા શેઠ, નવસારીથી ઠેઠઃ
તપો રે ઈરાનશાહ ! ૬૫

યઝદઝર્દી અઠ્યાસી પર સાતસેં,
તમને લાવ્યા નવસારીમાં સર્વ, ઊજવ્યું નેક પર્વઃ
તપો રે ઈરાનશાહ ! ૬૬

ત્રણસેં વર્ષ ગયાં સુખચેનમાં,
પછી પડી ત્યાં પીંઢારાની ધાડ, ધ્રૂજ્યાં સહુ હાડઃ
તપો રે ઈરાનશાહ ! ૬૭

તમને લઈ ગયા સૂરતમાં અમે,
રાખ્યા ત્યાં ત્રણ વર્ષ સુમાર, વહ્યો ભયભારઃ
તપો રે ઈરાનશાહ ! ૬૮

પાછા લાવ્યા તમને નવસારીમાં,
ચાર વર્ષ ગયા પછી ત્યાંય, થયો ક્લેશ માંહ્યઃ
તપો રે ઈરાનશાહ ! ૬૯

સવા ત્રણસેં વરસ નવસારીમાં,
રહ્યા સંજાણા આથોરનાન, કરી તમ સ્થાનઃ
તપો રે ઈરાનશાહ ! ૭૦

છોડી નવસારી, છોડી ઘરબારને,
તમને લઇ ગયા ત્યાંથી વલસાડ, નસીબની આડ:
તપો રે ઇરાનશાહ ! ૭૧

વર્ષ બે જ રહ્યા વલસાડમાં,
ત્યાંય ઠરી ન શક્યા કો વિશેષ, પૂઠે લાગ્યો દ્વેષ:
તપો રે ઇરાનશાહ ! ૭૨

એક અંધારી રાતે વરસાદમાં,
તજ્યું તમને લઇ વલસાડ ગામ, જવા બીજે ઠામ:
તપો રે ઇરાનશાહ ! ૭૩

ત્યાંથી પાર નદી પાસે આવતાં,
દીઠું પાણીમાં પૂર તે ઠાર, છતાં કીધી પાર:
તપો રે ઇરાનશાહ ! ૭૪

આવ્યા દુશ્મન પૂઠે રંજાડવા,
તે સૌ પાછા ગયા પૂર જોઇ, હિંમત સહુ ખોઇ:
તપો રે ઇરાનશાહ ! ૭૫

જેને રાખે દાદાર આ જગતમાં,
જેની ઉપર છે તમ છાંય, તેને તે શું થાય ?
તપો રે ઇરાનશાહ ! ૭૬

આવ્યા એમ ઉદવાડામાં આખરે,
તમને લાવી પરઠાવ્યા આ સ્થાન, અહો જીવજાન !
તપો રે ઇરાનશાહ ! ૭૭

યઝદજર્દી અગિયારસો બારમાં,
રોજ ખોરદાદ, માહ ફ્રવંરદીન, ઉદવાડા આધીન :
તપો રે ઇરાનશાહ ! ૭૮



એને વર્ષ બસેં હવે વહી ગયાં,
થયા જરથોસ્તીઓ સૌ આબાદ, તમારે પ્રસાદ :
તપો રે ઇરાનશાહ ! ૭૯

તમે ધગતા રહ્યા સદા નૂરમાં,
રાખ્યો ધગતો આતસ અમ ઉર, ભરી તમ નૂર :
તપો રે ઇરાનશાહ ! ૮૦

અમે રાણાને આપ્યો'તો કોલ જે,
અમે પાળ્યો સદા તે પવિત્ર, રહ્યા હિંદમિત્ર :
તપો રે ઇરાનશાહ ! ૮૧

અમે સૌને ખવાડીને ખાઇયે,
અમે દઇયે સૌને સુખભાગ, એ પુણ્ય અથાગ :
તપો રે ઇરાનશાહ ! ૮૨

અમને આપી સદા તમે પ્રેરણા,
અમને રાખ્યા અષોઇને રાહ, ખુદાની પનાહ :
તપો રે ઇરાનશાહ ! ૮૩

અમો લાખ જરથોસ્તીના અંતરે,
છે તમારો જ ધગતો હુતાશ, એ દિવ્ય પ્રકાશ :
તપો રે ઇરાનશાહ ! ૮૪

જેવો અચળ ઊભો ધ્રુવ આભમાં,
તેવું અચળ ઝગો તમ નૂર, અમારે યે ઉર !
તપો રે ઇરાનશાહ ! ૮૫

અમને રાખજો અહુરાના પંથમાં,
જેબી રાહબરી કરતા સદાય, રાખો તમ છાંય !
તપો રે ઇરાનશાહ ! ૮૬

અમે રહિયે સદા સદાચારમાં,
પાળિયે એ અષેમના બોલ, જીવનમાં અમોલ :
તપો રે ઇરાનશાહ ! ૮૭

રહેજો ધગતા ને તપતા આ સ્થાનમાં,
રસ્તાખેજ સુધી તમ તેજ, ઝળો સદા એજ !
તપો રે ઇરાનશાહ ! ૮૮

તમ નૂરમાં નૂર દાદારનું,
ત્યાં જ ફેરવજો અમ આંખ, પડે ન કો ઝાંખ !
તપો રે ઇરાનશાહ ! ૮૯

જ્યાં જ્યાં એક જરથોશ્તી ખરો વસે,
ત્યાં ત્યાં ઇરાનશાહ સદાય, ઝળો ઉરમાંય :
તપો રે ઇરાનશાહ ! ૯૦

તમ તણખા સદા ઊડો વિશ્વમાં !
આજે ધગતું અદલ ઉર ગાય, પડી તમ પાય !
તપો રે ઇરાનશાહ ! ૯૧

જય શ્રીજી ઇરાનશાહ !

—:૦:—

## બીજી આવૃત્તિ

નોંધઃ આ પવાડાની પહેલી આવૃત્તિની બધી પ્રત પારસીઓમાં દસ દિનમાં ખપી ગયાથી આ બીજી આવૃત્તિ તરત પ્રગટ કીધી છે. મારાં પારસી બહેનોએ ને બંધુઓએ આ પવાડાને આપેલા આવકાર માટે હું તેમનો આભારી છું.

દાદર, અરદેશર ફરામજી ખબરદાર
તા. ૧૯-૧૧-૧૯૪૨.


## ખબરદારનાં અન્ય સર્જનો

### કલ્યાણિકા

ભક્ત હૃદયની આરઝૂ અને તત્ત્વ ચિંતનના ગાંભીર્યથી તરબોળ સુગેય લોકપ્રિય ઢાળોમાં રચાયેલાં ભાવવાહી કાવ્યો અને ભજનોનો નવો સંગ્રહ, ટિપ્પણ સાથે : રૂ. બે

•

### દર્શનિકા

જીવનનાં ગૂઢ રહસ્યો સમજાવતું આધ્યાત્મિક તત્ત્વચિંતનથી ભરપૂર, સરળ શૈલી અને એક જ છંદ વડે ઊર્મિ અને અર્થનો સમન્વય સાધતું ૬૦૦૦ પંક્તિનું સળંગ મુક્તકમય લોકપ્રિય દીર્ઘ કાવ્ય. સુધારેલી નવી આવૃત્તિ. રૂ. ત્રણ

•

### રાસચંદ્રિકા

ભાગ ૧-૨ સાથે

માધુર્ય ને પ્રસાદથી ભરપૂર, સરળ ભાષામાં તથા અનેકાનેક પરિચિત ઢાળમાં રચાયેલા, ગરવી ગુજરાતણને કંઠે રમી રહેલા ૧૨૫ ગરબા ને રાસનો ૩૦૦ પૃષ્ઠનો સંગ્રહ.

રૂ. ત્રણ

### ભજનિકા

ગુજરાત મહાગુજરાતમાં ઘરેઘર ગવાતાં ભક્તિમાં તરબોળ કરે એવાં અનેક રાગમાં રચાયેલાં સુંદર ભજનો.

રૂ. બે

•

### રાષ્ટ્રિકા

"ભારતનો ટંકાર" સિવાયનાં પ્રારંભથી અત્યાર સુધીમાં પ્રસંગે પ્રસંગે નવનવા છંદો ને રાહોમાં લખાયેલાં અને અતિ લોકપ્રિય થયેલાં પ્રેરક ને જુસ્સાદાર ૭૨ રાષ્ટ્રિય કાવ્યોનો અદ્વિતીય સુંદર સંગ્રહ.

રૂ. અઢી

•

### કેટલાંક પ્રતિકાવ્યો

હાસ્ય અને કટાક્ષથી ભરપૂર, શિષ્ટ ને અનુપમ કળાથી રચાયેલાં, સાહિત્યમાં ગુજરાતને નવી જ દિશા દેખાડતાં નાનાં મોટાં પ્રતિકાવ્યો (Parodies) નો સંગ્રહ; ઇ. સ. ૧૯૪૩ માં છપાશે.

•

### ગુજરાતી કવિતાની રચનાકળા

મુંબઇ યુનિવર્સિટી તરફથી ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં અપાયેલાં પાંચ અભ્યાસપૂર્ણ વિશિષ્ટ વ્યાખ્યાનો. પૃષ્ઠ ૨૫૦ પાકું પૂઠું.

રૂ. એક